GUJARAT STATE LALIT KALA ACADEMY

| |
|---|
| તાજેતરનો<br>પાસપોર્ટ<br>સાઇઝનો<br>ફોટો ચોંટાડવો |

**રાજયમાં વૈયક્તિક / સામુહિક કલા પ્રદર્શન માટે સહાય મેળવવાનું અરજી પત્રક**

**(ખાસ નોંધ:- અરજીના તમામ કોલમમાં પૂર્ણ વિગત ભરવી ફરજિયાત છે.)**

<table>
<tr><td>ક્રમ</td><td>વિગત</td><td colspan="3">કલાકાર દ્વારા ભરવાની રહેતી વિગત</td></tr>
<tr><td>૧</td><td>કલાકારનું પુરુ નામ</td><td colspan="3"></td></tr>
<tr><td>૨</td><td>સરનામું અને મોબાઇલ નંબર<br>(વ્હોટસએપ નંબર પણ લખવો)</td><td colspan="3"></td></tr>
<tr><td rowspan="5">3</td><td rowspan="5">જન્મ તારીખ<br>(આધાર કાર્ડની નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે.)</td><td colspan="3">જન્મ તારીખ:-</td></tr>
<tr><td colspan="3">ગામ:-</td></tr>
<tr><td colspan="3">તાલુકો:-</td></tr>
<tr><td colspan="3">જિલ્લો:-</td></tr>
<tr><td colspan="3">રાજય:-</td></tr>
<tr><td>૪</td><td>કલાકાર/કલાકારોની લલિતકલા વિષયક અભ્યાસની વિગત<br>(નક્લ રજુ કરવી)</td><td colspan="3"></td></tr>
<tr><td>૫</td><td>વૈયક્તિક / સામુહિક પ્રદર્શન યોજવા હોય તો તેની વિગતો :<br>(જરૂર જણાયે અલગ કાગળ ઉપર પુરાવા સાથે વિગતો આપવી.)</td><td colspan="3"></td></tr>
<tr><td rowspan="4">૬</td><td rowspan="4">આ યોજના અંતર્ગત અકાદમી તરફથી અગાઉ નાણાકીય સહાય કેટલી વખત મળેલ છે?<br>તેનું વર્ષ, પ્રદર્શન સ્થળ તથા તેની વિગતો</td><td>ક્રમ</td><td>વર્ષ</td><td>પ્રદર્શન સ્થળ અને તારીખ.</td></tr>
<tr><td>૧</td><td></td><td></td></tr>
<tr><td>૨</td><td></td><td></td></tr>
<tr><td>3</td><td></td><td></td></tr>
<tr><td rowspan="2">૭</td><td rowspan="2">જયાં પ્રદર્શન કરવા ઇચ્છતા હોય તે સ્થળનું નામ, સરનામું અને પ્રદર્શન સ્થળના બુકીંગના નાણાં ભર્યાની પહોચની નકલ અથવા કન્ફર્મેશન લેટર ની નકલ રજુ કરવી ફરજિયાત છે.</td><td colspan="2">પ્રદર્શન કરવા ઇચ્છતા હોય તે ગેલેરીના સ્થળનું નામ અને સરનામુ</td><td></td></tr>
<tr><td colspan="2">જ્યાં ગેલેરીબુકીંગકરાવેલ હોય તેના ટેલિફોન/મોબાઇલ નંબર</td><td></td></tr>
</table>

| | | |
|---|---|---|
| ૮ | પ્રદર્શનમાં રજુ થનાર કૃતિઓની વિગતો તથા તેની સાઇઝ, માધ્યમ વગેરે. (અલગ કાગળ ઉપર રજુ કરવી.) | |

| | |
|---|---|
| **રાજ્યમાં વૈયક્તિક /સામુહિક કલા પ્રદર્શન યોજવા માટેની નાણાંકીય સહાય માટેના નિયમો** | |
| ક્રમ | નિયમો |
| ૧ | આ યોજના ગુજરાતના કલાકારો માટે તથા ચિત્રકલા, છબીકલા, શિલ્પકલા, વ્યવહારીક કલા માટે મર્યાદિત છે. |
| ૨ | કલાકાર અથવા કલાવૃંદોને મહત્તમ એક પ્રદર્શન માટે રૂા. ૨૫૦૦૦/- ઉચ્ચક રકમ સહાય તરીકે ચુકવવામાં આવશે. ઉક્ત સહાય ગેલેરીનું ભાડું, ગેલેરીનો વિજળી ખર્ચ, કલાકૃતિના ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ, કલાકૃતિનો વીમા ખર્ચ, કલાકૃતિનું કેટલોગ, બેનર્સ, પોસ્ટર, આમંત્રણ કાર્ડ (રવાનગી), ઉદઘાટનનો ખર્ચ, વીડીયોગ્રાફી, ફોટોગ્રાફી, એક કલાકારનો પ્રવાસ, ભોજન, નિવાસનો ખર્ચ (એ પ્રદર્શન કલાકારના નિવાસના સ્થળ કરતાં અન્ય સ્થળે યોજાયેલ હોય તો) જેવા ખર્ચાઓ માટે ચુકવવામાં આવશે. આ સહાય કલાકૃતિઓ તૈયાર કરવા, ફ્રેમીંગ, માઉન્ટીંગ, શો ફ્રેમ, પેડેસ્ટલવગેરે રીતે કલાકૃતિઓ તૈયાર કરવા માટે ચુકવાશે નહીં. કલાકારે થયેલ ખર્ચનાફકત અસલ બીલો રજુ કરવાના રહેશે. કોઇ પણ પ્રકારના વાઉચરનુ ચુકવણું કરવામાં આવશે નહીં. |
| ૩ | દર વર્ષની નાણાકીય જોગવાઈને ધ્યાનમાં રાખીને યોગ્ય સંખ્યામાં વર્ષ દરમ્યાન કલાકારોને / કલાવૃંદો (ગૃપ)ને રાજ્યમાં પ્રદર્શન યોજવા માટે સહાય આપવામાં આવશે. |
| ૪ | કલાકારોને વર્ષ દરમ્યાન વર્ષમાં ૧ વાર અને વધુમાં વધુ ૩ વાર આ યોજના હેઠળ સહાય મળવા પાત્ર થશે. |
| ૫ | આ યોજના હેઠળ લાભ લેવા ઇચ્છતા કલાકાર Art teacher Diploma / Diploma in Fine artsની ડિગ્રી ધરાવતા હોવા જોઈએ. અથવા તેમણે તેમની કૃતિઓનું ઓછામાં ઓછું ૧ વૈયક્તિક અથવા સામુહિક પ્રદર્શન કરેલ હોવા જોઈએ. |
| ૬ | ઓછામાં ઓછી ૩૦ કૃતિઓપ્રદર્શનમાંમુકવી જરૂરી રહેશે. |
| ૭ | કલાકારે / કલાવૃંદે અરજીની સાથે પ્રદર્શનમાં મુકવાની તમામ કૃતિઓની ૫ X ૭ની રંગીન તસવીરો મોકલવાની રહેશે. |
| ૮ | નિયત સમય મર્યાદામાં આવેલ અરજીઓસચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, કમિશ્નરશ્રી(યુ.સે.) અને સચિવશ્રી લલિતકલા અકાદમીની બનેલ કલાકાર પસંદગી સમિતિ સમક્ષ રજૂ થશે. આ સમિતિ કલાકારોની પસંદગી કરશે. |
| ૯ | પ્રદર્શન ગુજરાત રાજ્યમાં કોઈપણ સ્થળે યોજી શકાશે પરંતુ તે પ્રસ્થાપિત આર્ટ ગેલેરીમાંયોજવાનું રહેશે. |
| ૧૦ | સમિતિ દ્વારા મંજુરી મળેથી તેની જાણ કલાકાર / કલાવૃંદને થયેથી વધુમાં વધુ ત્રણ મહિનામાં અને કોઈપણ સંજોગોમાં સંબંધિત ચાલુ નાણાકીય વર્ષમાં ૧૫મી માર્ચ પહેલા પ્રદર્શન યોજી અસલ બિલો રજુ કરી દેવાના રહેશે. નિયત સમય મર્યાદામાં પ્રદર્શન ન યોજાતા મંજુરી રદ થવાને પાત્ર થશે. |
| ૧૧ | કલાકાર દ્વારા ગુજરાતીમાં તૈયાર કરાવેલ બેનર્સ, પોસ્ટર્સ, આમંત્રણ કાર્ડ, સહિત તમામ પ્રચાર સાહિત્ય તથા કેટલોગ, સૂચિપત્ર, સોવેનિયરમાં આ પ્રદર્શન ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની નાણાંકીય સહાયથી યોજવામાં આવ્યું છે અથવા જો ઉક્ત સાહિત્ય અંગ્રેજીમાં હોય તો This exhibition is arranged with the help received from Gujarat State Lalitkala Academyતેવું સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે લખવાનું રહેશે. પ્રદર્શનના સ્થળે પણ ઓછામાં ઓછું એક આવું બેનર મુકવાનું રહેશે. આ શરતોનો ભંગ થયેથી કલાકારને સહાય મળવા પાત્ર થશે નહીં. |

| | |
|---|---|
| ૧૨ | આ પ્રદર્શન યોજવા સહાય મેળવવા કરેલ અરજી મુજબ જે ગેલેરીમાં જે તારીખોએ પ્રદર્શન યોજવાની મંજુરી આપવામાં આવેલ હોય તે ગેલેરીમાં અને તે તારીખોએ જ પ્રદર્શન યોજવાનું રહેશે. આ કચેરીની પૂર્વ મંજુરી વગર તેમાં થતો ફેરફાર સહાય મેળવવાને પાત્ર રહેશે નહીં. |
| ૧૩ | અકાદમીના સુચારુ સંચાલન માટે કલાકાર પસંદગી સમિતિ મુળ ઠરાવ અને ઉક્ત નિયમોથી વિરુદ્ધના ન હોય તેવા પેટા નિયમો બનાવી શકશે. |
| ૧૪ | પ્રદર્શનના આયોજનમાં કોઇ એડવાન્સ રકમ ચુકવવામાં આવશે નહીં. પ્રદર્શન પૂર્ણ થયા બાદ સહાય મેળવવા માટે કલાકાર દ્વારા નીચે મુજબની વિગતો રજુ કર્યા બાદ રૂ.૨૫,૦૦૦/- અથવા ખર્ચ ઓછો થયેલ હોય તો ખરેખર થયેલ ખર્ચની રકમ ચુકવવામાં આવશે. |

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | અરજી |
| ૨ | બાંહેધરી પત્ર |
| ૩ | પેનડ્રાઇવ |
| ૪ | કેન્સલ ચેક |
| ૫ | આમંત્રણ કાર્ડ (૦૨ કોપી) |
| ૬ | કેટલોગ (૦૨ કોપી) |
| ૭ | ઉદઘાટન ફોટોગ્રાફ |
| ૮ | ન્યુઝ પેપર કટીંગ |
| ૯ | અસલ બિલો |
| ૧૦ | બેનર |

આથી હું..........................................................................................બાંહેધરી આપુ છુ કે રાજયમાં કલા પ્રદર્શન યોજવા સહાય આપવા અંગેના નિયમો મને મંજુર છે. તથા આ યોજના અંતર્ગત બે થી વધુ વખત વૈયક્તિક/સામુહીક કલા પ્રદર્શન યોજવા મેં સહાય મેળવેલ નથી. અરજી પત્રકમાં મેં રજુ કરેલ વિગતો મારી જાણ મુજબ સાચી છે.

સ્થળ:- કલાકારની સહી:-

તારીખ:- કલાકારનું નામ:-